# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/117 Dt. 01/09/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરની દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોના પ્રશ્નોની ગાંધીનગર ખાતે રજૂઆત

### ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાની આગેવાનીમાં મુખ્ય મંત્રીશ્રી તથા નાણાં મંત્રીશ્રીને જીઆઈડીસી સંબંધિત પ્રશ્નોમાં ટ્રાન્સફર પોલિસી સરળ બનાવવા અને ઇમિટેશન જરીમાં આઇટીસી રિફંડ વર્ષ ૨૦૨૩થી બ્લોક છે તેને અનબ્લોક કરવા રજૂઆત કરવામાં આવી

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાની આગેવાનીમાં ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને ડેપ્યુટી સેક્રેટરી શ્રી પૌલિક દેસાઇ સહિતના પ્રતિનિધિ મંડળે સોમવાર, તા. ૧ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ગાંધીનગર ખાતે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાણાં મંત્રી શ્રી કનુભાઇ દેસાઇને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોના વિવિધ પ્રશ્નોની વિગતવાર રજૂઆત કરાઇ હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ખાસ કરીને અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ટેરિફને કારણે ઉદ્યોગોને થનારા સંભવિત નુકસાન માટે નાણાંકીય રાહત પેકેજ જાહેર કરવાની માંગ સાથેની રજૂઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત વર્ષ ૨૦૧૨ની ટેક્ષ્ટાઇલ પોલિસીમાં વેટ રિફંડનું જે બેનીફિટ છે તેને વધુ બે વર્ષ લંબાવવામાં આવે અને ટેક્ષ્ટાઇલ ક્ષેત્રે બે વર્ષ માટે વીજળી દરમાં રૂપિયા બેની સબસિડી આપવાની રજૂઆત કરવામાં આવી હતી.

જીઆઈડીસી સંબંધિત પ્રશ્નોમાં ટ્રાન્સફર પોલિસી સરળ બનાવવા અને ઇમિટેશન જરીમાં આઇટીસી રિફંડ વર્ષ ૨૦૨૩થી બ્લોક છે તેને અનબ્લોક કરવા રજૂઆત કરવામાં આવી હતી.

પીએમ મિત્રા પાર્કનું તાત્કાલિક ધોરણે માસ્ટર ડેવલપર એપોઇન્ટ કરવા તેમજ તેના એસપીવી બોર્ડમાં ચેમ્બરના પ્રમુખને સ્થાન અપાવવા માટે રજૂઆત કરાઇ હતી. જીઆઇડીસીમાં ઓટોમોબાઇલ સેલ્સ એન્ડ સર્વિસ એકમો હાલ કાર્યરત છે તેઓને ઔદ્યોગિક દરજ્જો અપાવવા માટે રજૂઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત મ્યુનિસિપલ એરિયામાંથી વાહન વેરો નાબુદ કરવા, ઝીંગા ફાર્મિંગ ક્ષેત્રે વીજળીના દરને એગ્રીકલ્ચર દરે આપવા અને વર્ષ ૨૦૧૯ની ગુજરાતની ટેક્ષ્ટાઇલ પોલિસીમાં ઓફલાઇન અરજીઓ આવેલી છે તેને મંજૂર કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે મંત્રીશ્રીઓને જણાવવામાં આવ્યું હતું કે ઉપરોક્ત પ્રશ્નોના ઝડપી ઉકેલથી દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે અને પ્રદેશના ઔદ્યોગિક વિકાસને નવી ગતિ પ્રાપ્ત થશે. ચેમ્બર દ્વારા કરાયેલી ઉપરોકત રજૂઆત સંદર્ભે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને નાણાં મંત્રીશ્રી તરફથી ખૂબ જ સકારાત્મક પ્રતિભાવ સાંપડયો હતો. ચેમ્બરની રજૂઆતોને મંત્રીશ્રીઓએ ખૂબ જ શાંતિપૂર્વક સાંભળી હતી અને ઉદ્યોગોના વિવિધ પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ લાવવામાં આવશે તેમ જણાવ્યું હતું.